## PRESS COVERAGE:

**PUBLICATION NAME: DIVYA BHASKAR (GUJARATI DAILY)**
**CITY: JAMNAGAR**
**DATE: 11-07-2018**
**PAGE NO. 01**
**TOTAL SQ. CM. 184**
**TITLE:** ***Nayara Energy Limited provides guidance to students about safety measures in natural and human being adversity***

---

**માર્ગદર્શન | નયારા એનર્જી લિ. દ્વારા વિદ્યાર્થીઓને આપત્તિ સમયે સાવચેતીનું માગદર્શન અપાયું**

# દ્વારકામાં શાળા સલામતી સપ્તાહની ઉજવણી

ભાસ્કર ન્યૂઝ | જામનગર

નયારા એનર્જી લિમિટેડએ શાળા સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત ખંભાળિયા પંથકની પાંચ શાળાઓના આશરે 1929 વિદ્યાર્થીઓ તથા 40 શિક્ષકોને કુદરતી કે માનવસર્જીત આપત્તિ સમયે સાવચેતી રાખી કઈ રીતે સુરક્ષિત પગલાં ભરી શકાય તે અંગેનું માર્ગદર્શન લાઈવ ડેમો મારફતે આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થા સત્તામંડળના આયોજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ દ્વારા શાળા સલામતિ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. ઉજવણીમાં વાડીનારમાં આવેલી નયારા એનર્જી લિમિટેડએ જોડાઈ ખંભાળિયા પંથકની 5 શાળાઓમાં માર્ગદર્શક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં વાડીનાર પ્રાથમિક શાળા, વાડીનાર ધાર વાડી પ્રાથમિક શાળા, નાના આંબલા પ્રાથમિક શાળા, ઉગમણાબારાની સરકારી સેકન્ડ્રી સ્કૂલ અને ખંભાળિયાની દા.સુ. ગર્લ્સ હાઈસ્કૂલનો સમાવેશ કરાયો હતો.



આ શાળાઓમાં આશરે 1929 વિદ્યાર્થીઓ સહિત 40 શિક્ષકોએ કુદરતી તથા માનવસર્જીત આપત્તિ વખતે રાખવી જોઈતી સાવચેતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું અને કંપનીના ફાયર વિભાગના જવાનોએ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને આધુનિક સાધનો અને ઘર ઉપયોગી સાધનો વડે લાઈવ ડેમો યોજી કુદરતી કે માનવસર્જીત આપત્તિ વખતે તાકીદના ધોરણે શું કરવું જોઈએ અને શું ન કરવું જોઈએ અને તે માટે કઈ પ્રકારની તકેદારી રાખવી જોઈએ તે અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આમ વિદ્યાર્થીઓ સહિત શિક્ષકોને આપતિ સમયે સાવચેતી અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.